# મતદાન જાગૃતિ વધારવા ‘સ્વીપ’ અંતર્ગત પાલનપુર વિદ્યામંદિર ખાતે રંગોળી સ્પર્ધા યોજાઈ

## ૨૩ એપ્રિલે મતદાન કરવા જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટરની અપીલ

પાલનપુર, તા. ૧૧

લોકસભાની સામાન્ય ચૂંટણી-૨૦૧૯ અન્વયે ગુજરાતમાં તા. ૨૩ એપ્રિલના રોજ મતદાન યોજાશે. બનાસકાંઠા જિલ્લાના મતદારોની જાગૃતિમાં નોંધપાત્ર વધારો થાય અને જિલ્લામાં વિક્રમજનક મતદાન થાય તે માટે સ્વીપ અંતર્ગત વિવિધ કાર્યક્રમો યોજીને લોકોમાં મતદાન અંગે જાગૃતિ લાવવાનું અભિયાન ચાલી રહ્યું છે. પાલનપુર મુકામે વિધામંદિર સ્કુલ કેમ્પસમાં ૪૦ ફૂટની રંગોળી સ્પર્ધાનું ઉદઘાટન જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર બનાસકાંઠા સંદીપ સાગલેના હસ્તે કરવામાં આવ્યું હતું.

વિદ્યામંદિર સ્કુલના ૧૦ જેટલાં ચિત્ર શિક્ષકોની મદદથી ૪૦ ફુટ મોટી રંગોલી દ્વારા મતદાન જાગૃતિ લાવવાનો પ્રયાસ હાથ ધરવામાં આવ્યો છે. આ પ્રસંગે જિલ્લા ચૂંટણી અધિકારી અને કલેકટર સંદીપ સાગલે જણાવ્યું કે ૨૩ એપ્રિલના રોજ લોકસભા સામાન્ય ચૂંટણી માટે મતદાન થવાનું છે ત્યારે જંગી મતદાન કરવા અપીલ કરી હતી. તેમણે કહ્યું કે ચૂંટણી નિર્ભય, તટસ્થ અને મુક્ત માહોલમાં યોજાય તે માટે ચૂંટણી તંત્ર દ્વારા વ્યાપક વ્યવસ્થા ગોઠવવામાં આવી છે. તેમણે જણાવ્યું કે મતદારોની જાગૃતિમાં નોંધપાત્ર વધારો થાય અને વિક્રમજનક મતદાન થાય તે માટે સ્વીપ અન્વયે વ્યાપક પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. મતદાન જાગૃતિ માટે યોજાતા આવા કાર્યક્રમોને લોકો તરફથી ઉત્સાહજનક પ્રતિભાવ મળી રહ્યા છે. નોડલ ઓફીસર સ્વીપ અને જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી પ્રજાપતિ, વિદ્યામંદિર કેમ્પસના સંચાલક હસમુખભાઈ મોદી, નાયબ જિ. પ્રાથમિક શિક્ષણાધિકારી મુકેશભાઈ ચાવડા સહિત શિક્ષકો, વિદ્યાર્થીઓ અને અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતાં.




# મહેસાણા જિલ્લા માટે આર.એમ. જાદવને Accessibility Observe નિયુક્ત કરાયા

મહેસાણા, તા. ૧૧

લોકસભા સામાન્ય ચૂંટણી ૨૦૧૯ માટે તારીખ ૨૩ એપ્રિલ ૨૦૧૯ના રોજ મતદાન થનાર છે. ભારતના ચૂંટણી આયોગે સામાન્ય ચૂંટણીઓ મુકત ન્યાયી અને શાંતિપુર્ણ અને સમાવેશક સંપન્ન થાય તે માટે જરૂરી સુચનાઓ આપી છે અને સુનિશ્ચિત કરવા માટે મહેસાણા જિલ્લા ચૂંટણીતંત્રએ જરૂરી આયોજન કર્યુ છે.

જિલ્લામાં નોંધાયેલા દિવ્યાંગ મતદારો પૈકી ૮૭૬૮ દિવ્યાંગ મતદારોને ફ્લેગ કરવામાં આવ્યા છે.બી.એલ.ઓ દ્વારા દિવ્યાંગ મતદારોને મતદાનના દિવસે સહાયતાની જરૂર હોય તેઓને ઓળખી કાઢવામાં આવ્યા છે. ૮૭૬૮ દિવ્યાંગ મતદારો પૈકી ૩૦૧૧ મતદારો દ્રષ્ટીની ખામીવાળા, ૨૮૨૪ મતદારો શારીરિક અશક્તાવાળા,૧૭૯૮ મતદારો બોલવાની અને સાંભળવાની ખામીવાળા તથા ૧૧૩૫ દિવ્યાંગ મતદારો અન્ય અશક્તા ધરાવે છે.

# ભિલોડાના મોંઘરી ગામે ‘‘ગ્રામ પંચાયત ઘર નહિ તો વોટ નહિ’’ના બેનરો સાથે ચૂંટણી બહિષ્કાર

ભિલોડા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના ભિલોડા તાલુકાના નાંદોજ ગ્રુપ ગ્રામપંચાયતમાંથી વિભાજીત થઈ ફેલાયો છે. લોકસભા-૧૯ની ચૂંટણીના આડે ગણતરીના દિવસો બાકી છે ત્યારે મોંઘરી ગામના ગ્રામજનો રસ્તા પર ઉતરી ગામે ૨૦૧૪થી મોંઘરી ગ્રામપંચાયત અસ્તિત્વમાં આવ્યા પછી ગ્રામપંચાયત મકાન માટે વારંવાર વહીવટીતંત્રમાં રજુઆત કરતા ૨૦૧૮નારોજ લેખિત જાણ કરી હતી પરંતુ કેટલાક સ્થાપિતહિતો અને વિરોધી પરિબળોના કારણે ગ્રામપંચાયત મકાનનું કામ ખોરંભે







૫ વર્ષ અગાઉ મોંઘરી ગ્રામપંચાયત અમલમાં આવ્યા પછી ગ્રામપંચાયત મકાન માટે ગ્રામપંચાયત જગ્યા ફાળવ્યા પછી પણ કેટલાક વ્યક્તિઓના લીધે ગ્રામપંચાયત મકાનનું કામ ખોરંભે ચઢતા ગ્રામજનોમાં ભારે રોષ ‘‘ગ્રામપંચાયત ઘર નહિ તો વોટ નહિ’’ના બેનરો પ્રદર્શિત કરી ચૂંટણી બહિષ્કારની ચીમકી ઉચ્ચારતા રાજકારણીઓ અને અધિકારીઓમાં દોડધામ મચી હતી.

ભિલોડાના નાંદોજ ગ્રુપ ગ્રામપંચાયતમાંથી ૨૮-૨-અરવલ્લી જીલ્લા નાયબ વિકાસ અધિકારીએ ૨૫-૧-૨૦૧૮ના રોજ ગ્રામપંચાયત મકાન બનાવવા મંજૂરી આપતા સરપંચ અને ગ્રામજનો દ્વારા ગામમાં આવેલા હનુમાન મંદિરની પૂર્વ દિશાએ જગ્યા ફાળવી તા. ૫-૨-પડતા ગ્રામજનોએ ચૂંટણી બહિષ્કારની ચીમકી આપવાની સાથે ગામના પ્રવેશદ્વારે કોઈપણ પક્ષના નેતાએ કે કાર્યકરોએ પ્રવેશ કરવો નહીં નાં બેનરો લગાવી ઉગ્ર વિરોધ નોંધાવતા રાજકીય અગ્રણીઓમાં સોપો પડી ગયો છે.



## બાયડના આંબલીયારા સહીત ગ્રામ્ય વિસ્તારોમાં ફ્લેગ માર્ચ

૧૭મી લોકસભાની ચૂંટણીને અનુલક્ષીને અરવલ્લી જીલ્લામાં ચૂંટણી દરમિયાન કાયદો અને વ્યવસ્થાની સ્થિતિ જળવાઈ રહે અને ચૂંટણી પ્રક્રિયા શાંતિપૂર્ણ માહોલમાં યોજાય તે માટે સેન્ટ્રલ પેરા મિલિટરી ફોર્સના જવાનોની ફાળવણી થતી હોય છે. બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં અને આંબલીયારા ગામમાં બાયડ સીપીઆઈ દેસાઈ અને આંબલીયારા પોલીસ સ્ટેશનના પીએસઆઈ આશિષ પટેલ અને પેરા મિલિટરી ફોર્સના જવાનો અને પોલીસ કર્મચારીઓ સાથે ફ્લેગ માર્ચ યોજી હતી અને તમામ વિસ્તારની માહિતીથી મિલિટરી ફોર્સના જવાનોને અવગત કરાયા હતા. ગ્રામ્ય વિસ્તારમાં યોજાયેલી ફ્લેગ માર્ચ જોવા ગામલોકો ઉમટ્યા હતા. અરવલ્લી જીલ્લાના મુખ્ય શહેરી વિસ્તાર અને ગ્રામ્ય વિસ્તારમાં ફ્લેગ માર્ચ સતત કરવામાં આવી રહી છે.

# મોડાસા સરકારી એન્જીનીયરીંગ કોલેજમાં ટેકનોથોન-૨૦૧૯નું આયોજન

અરવલ્લી જીલ્લાના મુખ્યમથક મોડાસા શહેરમાં આવેલી ગવર્મેન્ટ એન્જીનીયરીંગ કોલેજ ખાતે એન્જીનીયરીંગ કોલેજમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓમાં રહેલી રચનાત્મક પ્રવૃતિઓ અને નવા સંશોધન માટે પ્રોત્સાહન આપવા ટેકનોથોનનું આયોજન કરવામાં આવે છે જેમાં વિદ્યાર્થીઓ તેમના કોઠાસૂઝ પ્રમાણે ગ્રુપ બનાવી અવનવી પ્રોડક્ટ્નું સંશોધન કરી પ્રદર્શન કરે છે.

મોડાસા એન્જીનીયરીંગ કોલેજ ખાતે યોજાયેલ ટેકનોથોન-૨૦૧૯માં યોજાયેલ પ્રોજેક્ટ એક્સ્પોમાં કોલેજમાં અભ્યાસ કરતા ૭ અને ૮ સેમિસ્ટરના વિદ્યાર્થીઓએ ઓટોમેટિક ડિશ વોશર મશિન, સ્ટ્રીટલાઈટ કંટ્રોલર, સિંગલ વ્હીલ બાઈક સહિતના વિવિધ પ્રોજેક્ટ પ્રદર્શન માટે મુક્યા હતા. આ સાથે જ ખેડૂતો માટે ખાસ ઉપોયગી ઓટોમેટિક ડ્રિપ ઈરિગેશન સિસ્ટમ પણ તૈયાર કરવામાં આવી હતી, જેના થકી ભેજ હોય તો ડ્રીપ બંધ થાય અને ભેજ સૂકાઈ જાય ત્યારે ડ્રિપ સિસ્ટમ શરૂ કરવા સહિતના પ્રોજેક્ટ આકર્ષણનું કેન્દ્ર રહ્યા હતા. ૮ સેમિસ્ટરના વિદ્યાર્થીઓના બત્રીસ તેમજ ૬ સેમિસ્ટરના છ જેટલા પ્રોજેક્ટ ડિસપ્લે કરવામાં આવ્યા હતા.

# પેપોળમાં સમસ્ત અઠેચીયા પરિવાર દ્વારા જહૂમાતા-જોગણી માતાના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવ યોજાશે

વડગામ, તા. ૧૧

વડગામ તાલુકાના પેપોળ ગામમાં સમસ્ત અઠેચીયા પરિવાર દ્વારા કાળકા માતા જહૂમાતા જોગણી માતાજીના નવિન મંદિરના પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવનું આયોજન કરવામાં આવ્યુ છે.

જેમાં પ્રથમ દિવસે પંચાંગ પુજન, મંગલાચરણ, મંડપ પ્રવેશ, દેવતાઓની પુજા, અગ્નિ સ્થાપન સહિતના કાર્યક્રમ કરવામાં આવ્યા હતા તેમજ ગુરુવારના રોજ પ્રાતઃ પૂજન, જલયાત્રા-શોભાયાત્રા, પ્રાણ પ્રતિષ્ઠા વિજય મુહૂર્ત, દેવતાઓનો હોમ, શ્રીફળ હોમ પૂર્ણાહૂતિ અને મહાઆરતી યોજાશે. આ બે દિવસીય પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં અનેક દાતાઓ દ્વારા દાનની પણ સરવાણી વહાવી છે. ભોજનના દાતા તરીકે સોલંકી કેશરસિહ જેમલજી તેમજ વિહોલ ચંદનસિંહ જુઠાજી તેમજ મૂર્તિના દાતા તરીકે સોલંકી ગુલાબસિંહ ચેલાજી અને પ્રકાશસિંહ જવાનજી સોલંકી (પી.એસ.આઇ) પેપોળ સહિતના દાતાઓ દ્વારા દાન આપીને આ પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવમાં સહભાગી બન્યા છે.

### સમગ્ર શિક્ષા અભિયાનના કરાર આધારિત

# કર્મચારી સંઘના પ્રમુખે માથે મુંડન કરી ૨૦ હજાર કર્મીઓ દ્વારા નોટાને વોટની ચીમકી

મોડાસા, તા. ૧૧

લોકસભા-૨૦૧૯ની ચૂંટણીનો પુરજોશમાં રાજકીય પાર્ટીના ઉમેદવારો અને કાર્યકરો પ્રચાર-પ્રસારમાં પરસેવો પાડી રહ્યા છે. ત્યારે કેટલાય ગામડાઓમાં પ્રાથમિક સુવિધાના અભાવને લઈને ચૂંટણી બહિષ્કારની ચીમકીથી રાજકીય પક્ષો અને ઉમેદવારોમાં મતદારોને મનાવવા ભારે મથામણ ચાલી રહી છે. ત્યારે ગુજરાતમાં ફરજ બજાવતા સમગ્ર શિક્ષા અભિયાનના કરાર આધારિત કર્મચારીઓ પણ તેમની પડતર માંગણીઓ લઈને સરકાર સામે બાયો ચઢાવી છે. સંગઠનના પ્રમુખ અમિત કવિએ કર્મચારીઓની પડતર માંગણીઓને લઈને માથે મુંડન કરી વિરોધ નોંધાવવાની સાથે રાજ્યમાં ફરજ બજાવતા તમામ ૨૦ હજાર કર્મચારીઓ નોટામાં મત આપવાની ચીમકી ઉચ્ચારી હતી.



મોડાસા શહેરમાં સમગ્ર શિક્ષા અભિયાન યોજના કરાર આધારિત કર્મચારીઓના સંઘના પ્રમુખ અમિત કવિએ રાજ્ય સરકારમાં સમાન કામ સમાન વેતનની માંગ સાથે રાજ્ય સરકારમાં અનેકવાર રજુઆત કરવા છતાં તેમના પ્રાણ પ્રશ્નોનું નિરાકરણ નહિ આવતા ‘‘માથે મુંડન’’ કરી વિરોધ નોંધાવ્યો હતો. અનોખા વિરોધ પ્રદર્શનમાં ઉપપ્રમુખ આશિષ પટેલ અને કારોબારી સભ્ય કીર્તિસીંઘ ઉપસ્થિત રહ્યા હતા અને તમામ કરાર આધારિત ૨૦ હજાર કર્મચારીઓ નોટામાં મત આપી સરકારને ઘરનો રસ્તો દેખાડશે તેમ ઉગ્ર રોષ પૂર્વક જણાવ્યું હતું.

# પૂર્વ કોંગ્રેસ પ્રદેશ અધ્યક્ષને બનાસકાંઠા જિલ્લા કલેકટરે નોટીસ ફટકારી

## ડીસાના કાર્યક્રમમાં અર્જુન મોઢવાડિયાએ અભદ્ર વાક્યો ઉચ્ચાર્યા હતા

પાલનપુર, તા. ૧૧

ડીસા ખાતે મંગળવારે યોજાયેલા એક કાર્યક્રમમાં ઉપસ્થિત રહેલા પ્રદેશના પૂર્વ પ્રમુખે નરેન્દ્ર મોદીને આડે હાથ લઈ અભદ્ર ટિપ્પણી કરી હતી. જેની ગંભીર નોંધ લઈ બનાસકાંઠા જિલ્લા કલેકટરે અર્જુન મોઢવાડિયાને નોટિસ ફટકારતા ચકચાર મચી જવા પામી છે.

ડીસા ખાતે મંગળવારે યોજાયેલા એક કાર્યક્રમમાં પ્રદેશ કોંગ્રેસ પ્રભારી રાજીવ સાતવે મોદી સરકારને જુમલેબાદ સરકાર ગણાવી હતી. તેમણે જણાવ્યું હતુ કે, ભાજપ દ્વારા ૨૦૧૪ની લોકસભા ચૂંટણીમાં બહાર પડાયેલા ચૂંટણી ઢંઢેરામાં આપેલા વચન મુજબ સરકારે એક પણ વાયદો પૂરો કર્યો નથી. દેશના દરેક નાગરિકના ખાતામાં રૂપિયા ૧૫ લાખ આવશે તેમ કહી સમગ્ર દેશની પ્રજાને ગુમરાહ કરી સત્તા મેળવ્યા બાદ મોદી સરકાર ઉધોગપતિઓના સરકાર બની ગઈ છે.

મોદીએ તે સત્તામાં આવશે તો વિદેશમાંથી કાળું નાણું લાવવાની વાત કરી હતી. પરંતુ નીરવ મોદી વિજય માલ્યા સહિતના ઉદ્યોગપતિઓ દેશમાંથી સફેદ નાણાં લઈ ને ભાગી ગયા અને ચોકીદાર જોતા રહી ગયા તેમ જણાવી તેમણે આ જુમલેબાજ સરકારને ઉખેડી ફેંકવાની વાત કરી હતી. જ્યારે પ્રદેશ કોંગ્રેસના પૂર્વ અધ્યક્ષ અર્જુનભાઈ મોઢવાડિયાએ વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે અયોગ્ય વાક્ય પ્રયોગ કર્યા હતા.

આ અંગે સુમાહિતગાર સૂત્રોએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિશે ટિપ્પણી કરનારા અર્જુન મોઢવાડિયાને બનાસકાંઠા જિલ્લા કલેકટર સંદીપ સાગલેએ સુઓમોટો ભરી નોટિસ ફટકારી છે.

# બેચરાજી મંદિરે ૧૭મીથી ચૈત્રી પૂનમનો મેળો

મહેસાણા, તા. ૧૧

‘અમે કરીશું મતદાન તમે પણ મતદાન કરશો’ આ શબ્દોથી બેચરાજી મંદિર પરીસર ગાજી ઉઠ્યું હતું, ચૈત્રી પૂનમના મેળાના પગલે રાજ્યભરમાંથી કિન્નર સમુદાય માતાજીની પૂજા અર્ચના કરવા આવતા હોય છે. આ સમાજમાં પણ મતદાનનું વિશેષ મહત્વ છે. તેઓ રાજ્યના દરેક મતદારને મતદાન કરવા ખાસ અપીલ કરી હતી.

મહેસાણા સંસદિય મતવિસ્તારમાં ત્રીજી જાતિના ૩૬ મતદારો નોંધાયા છે. પરંતુ ચૈત્રી પૂનમના પગલે બેચરાજી મંદિર પરીસરમાં મોટી સંખ્યામાં માઈભક્ત કિન્નર સમુદાયના લોકો જોવા મળે છે. જે રાજ્યના વિવિધ વિસ્તારમાંથી આવતા હોય છે. સમગ્ર રાજ્યમાં ૯૯૦ મતદારો ત્રીજી જાતિના નોંધાયા છે.જે ૧-૦૯-૨૦૧૮ની સ્થિતિએ ૮૩૪ હતા. ત્યાર બાદ સંક્ષિપ્ત સુધારણા બાદ ત્રીજી જાતિના મતદારોની સંખ્યામાં વધારો જોવા મળ્યો છે.

હજારો વર્ષોથી કિન્નર સમુદાયે સમાજમાં એક પ્રભાવશાળી સ્થાન કબજે કર્યુ છે. જેમનામાં કેટલીક દૈવી શક્તિ હોવાનું માનવામાં આવે છે. જેના કારણે લોકો તેમના આશિર્વાદ મેળવતા હોય છે. બેચરાજી ખાતે આ સમુહે રાજ્યના મતદારોને મતદાન કરવાની અપીલ કરી હતી. સમગ્ર ગુજરાતમાં આગવી ઓળખ ધરાવતા કિન્નર સમુદાયને બેચરાજી મામલતદાર દ્વારા ઈવીએમ અને વીવીપેટ સહિત મતદાન જાગૃતિ અંગેનું માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત મતદાન કરવાના શપથ લેવડાવી અન્ય મતદારોને પણ મતદાર કરવા અપીલ કરાઈ હતી.

બેચરાજી ખાતે યોજાતા ચૈત્રી પૂનમના મેળાના પગલે હજારો ભાવિક ભક્તો બેચરાજી ખાતે માતાજીના દર્શનાર્થે આવતા હોય છે. વહીવટીતંત્ર દ્વારા મંદિર પરીસરમાં ખાસ આયોજન કરાયું છે.

### મોડાસાના રાજેન્દ્રનગર પોલીસ ચોકી નજીક ઉભેલા

# કોલેજના વિદ્યાર્થીઓ પર ટ્રક ટ્રેલર ફરી વળતા એકનું મોત

મોડાસા, તા. ૧૧

અમદાવાદ-ઉદેપુર નેશનલ હાઈવે નં-૮ વાહનચાલકો અને રાહદારીઓ માટે ભયજનક બની રહ્યો છે. રાજેન્દ્ર નગર ચોકડી પોલીસ ચોકી નજીક ઉભેલા વિદ્યાર્થીઓ પર રાજસ્થાન તરફથી આવતું ટ્રક-ટ્રેલર કાળ બની ત્રાટકતા પોલીસ ચોંકીને નુકશાન પહોંચાડી ધસી આવતા વિદ્યાર્થીઓમાં ભાગદોડ મચી હતી. ભોગદોડમાં એક વિદ્યાર્થીના શરીર પર ટ્રક-ટ્રેલરના તોતિંગ પૈડાં ફરી વળતા ઘટનસ્થળે મોત નીપજ્યું હતું. ટ્રક-ટ્રેલરે ઈકો-વાનને પણ અડફેટે લેતા ભારે અફડાતફડી મચી હતી. સદનસીબે વધુ જાનહાની ટળી હતી. અકસ્માતના પગલે ટ્રેલરે રોડ પર આડું થઈ જતા ટ્રાફિક જામ થતા પોલીસ ટ્રાફિક પૂર્વરત કરી અકસ્માત સર્જી ફરાર ટ્રક-ટ્રેલર ચાલક વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



અકસ્માતના પગલે દોડી આવેલા ક્ષત્રિય-ઠાકોર સેનાના પ્રમુખ સંજયજી ઠાકોરના જણાવ્યા અનુસાર રાજેન્દ્રનગર પોલીસ ચોકી નજીક રાજસ્થાન તરફથી આવતા વાહનોનું ચેકીંગ માટે ઉભા કરાયેલ બેરિકેડ નજીક-નજીક ગોઠવેલા હોવાથી મોટા વાહન ચાલકોને બેરિકેડમાં વળાંક લેવામાં ગફલત કરતા અકસ્માતની ઘટનાઓ બની રહી છે. પોલીસતંત્ર દ્વારા તાત્કાલિક અસરથી બેરિકેડ હટાવી લેવાની માંગ સાથે બેરિકેડ વચ્ચે પૂરતા પ્રમાણમાં જગ્યા રાખવામાં આવે તેમ જાણવાની સાથે લોકભાગીદારીથી બેરિકેડ દૂર કરવાની ચીમકી ઉચ્ચારી હતી. ગુરુવારે, રાજેન્દ્રનગર પોલીસ ચોકી નજીક સુનોખ ગામનો ભાવેશ કાળાભાઈ તરાર મોડાસાની આઈટીઆઈમાં અભ્યાસ કરતો હતો તેના મિત્ર અર્ચિન સુરેશભાઈ પટેલ અન્ય કોલેજના વિદ્યાર્થીઓ સાથે બસની રાહ જોઈ પોલીસચોકી નજીક બેઠા હતા. રાજસ્થાન તરફથી ધમધસતી ઝડપે આવેલા ટ્રક-ટ્રેલરના ચાલકે રોડ પર મુકેલ બેરિકેડમાંથી પસાર થતા સ્ટિયરિંગ પરથી કાબુ ગુમાવતા ટ્રક-ટ્રેલર પોલીસચોકીના મકાન સાથે અથડાઈ પોલીસ ચોકી નજીક બેઠેલા વિદ્યાર્થીઓમાં બચવા માટે નાસભાગ મચી હતી. પોલીસચોકી નજીક બેઠેલા ભાવેશ કાળાભાઈ તરાર પર ટ્રક-ટ્રેલર ફરી વળતા શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા ઘટનાસ્થળે મોત નિપજતા અને અર્ચિન પટેલના શરીરે ઈજાઓ પહોંચતા તાબડતોડ ગાભોઈ સરકારી દવાખાને ખસેડાયા હતા. ટ્રક-ટ્રેલરે રોડ પરથી પસાર થતી ઈકો-કારને અડફેટે લેતા ઈકો કારમાં સવાર લોકોને સામાન્ય ઈજાઓ પહોંચી હતી. અકસ્માતના પગલે દોડી આવેલી પોલીસે મૃતક યુવાનને પીએમ માટે મોકલી આપી ટ્રક-ટ્રેલરના ચાલક વિરુદ્ધ અકસ્માતે મોતનો ગુન્હો નોંધી ઝડપી પાડવા ચક્રો ગતિમાન કર્યા હતા.

સુનોખ ગામના આશાસ્પદ યુવાનનું અકસ્માતમાં મોત થતા પરિવારજનો અને સગા-સંબંધીઓ ગાભોઈ હોસ્પિટલમાં પહોંચી આક્રંદ કરી મુકતા વાતાવરણમાં ગમગીની છવાઈ હતી. ક્ષત્રિય ઠાકોર સેનાના હોદ્દેદારો અને કાર્યકરોના ટોળેટોળા ઉમટ્યા હતા.



## ડીસા નજીક અકસ્માત બાદ બે ટ્રેલર આગમાં લપેટાયાં : બે ભડથું

ડીસા નજીકથી પસાર થતો નેશનલ હાઈવે લોહિયાળ બનતો જાય છે ત્યારે ગઈ રાત્રે સર્જાયેલા વધુ એક અકસ્માતમાં બે લોકોના મોત નિપજ્યાં છે જ્યારે બે લોકોને ગંભીર ઈજાઓ પહોંચતા તેમણે સારવાર માટે ખસેડવામાં આવ્યા છે.. બુધવારે મોડી રાત્રે ડીસા નજીક આવેલા મહાકાળી માતાના મંદિર પાસે બે ટ્રેલર વચ્ચે સર્જાયેલા વિચિત્ર અકસ્માત બાદ આગ લાગતાં ટ્રેલરમાં સવાર બે લોકોના મોત નિપજ્યાં છે. જ્યારે અન્ય બે વ્યક્તિઓ ગંભીર રીતે ઈજાગ્રસ્ત થતાં તેમણે સારવાર માટે ખસેડવામાં આવ્યા હતા.. રાજસ્થાનથી મુંદ્રા માલ લઈને જઈ રહેલા ટ્રેલર અને પથ્થર ભરેલા ટ્રેલર વચ્ચે અકસ્માત સર્જાતા બંને ટ્રેલરોમાં આગ લાગી ગઈ હતી આ ઘટનામાં ટ્રેલરમાં સવાર બે ઈસમો બળીને ભડથું થઈ ગયા હતા.. જ્યારે બે ઈસમો ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયા હતા. આ આગની લપેટો દૂર દૂર સુધી દેખાઈ હતી.. આ ઘટના બન્યા બાદ કલાકો સુધી હાઈવે પર ટ્રાફિક જામ જામ થઈ ગયું હતું.